સંન્યાસી : કેમ વળી ? તમે સુખ શોધવા નીકળ્યા છો, તો બોલો, બેગ પાછી મળી જતાં તમને સુખની લાગણી થઈ કે નહીં ? મેં તો તમને સુખ શોધવામાં મદદ કરી.' આપણામાંના મોટા ભાગના લોકો પણ થોડા અંશે પેલા માણસ જેવા હોઈએ છીએ. જે કંઈ આપણી પાસે છે, એમાંથી ઝાઝું સુખ નથી મળતું. પણ પછી એ ખોવાઈ ગયા બાદ પાછું મળે ત્યારે સારું લાગે.

આવું શા માટે ? એટલે... હવે પછી જ્યારે મૂડ સારો ન હોય, ત્યારે ઘરમાંની બધી વસ્તુઓને શાંતિથી નીરખવી અને પછી વિચારવું કે આ વસ્તુ જો મારી પાસે ન હોય તો કેટલી તકલીફ પડે ? કડકડતી ઠંડીમાં એક અત્યંત ગરીબ માતા પોતાનાં બાળકોના શરીર પર છાપાં પાથરી એના પર ઘાસ 'ઓઢાડી'ને સૂવડાવી રહી હતી, ત્યારે એના ટેણિયા દીકરાએ માતાને પૂછ્યું,

'હેં મા? જે લોકો પાસે છાપાં અને ઘાસ નહીં હોય એમની કેવી ખરાબ હાલત થતી હશે?' આપણી પાસે ઘાસ અને છાપાંથી તો ઘણી સારી વસ્તુઓ ઘરમાં હોય છે, એટલે હવે ક્યારેક 'હું સુખી નથી... મારી પાસે આ નથી... મારી પાસે તે નથી... એવું લાગે ત્યારે એક નજર જે કંઈ આપણી પાસે છે તેના પર નાખી જોવી. જેમ કે આવો સરસ મજાનો લેખ તમે વાંચી શકો છો, તેના પરથી આટલી બાબત સાબિત થાય છે-

૦૧. તમે ગરીબ નથી. (સમગ્ર વિશ્વમાં આશરે ૧૧૨ કરોડ લોકો ગરીબી રેખા નીચે જીવે છે.)

૦૨. તમારી જાતને ઠંડી, ગરમી અને વરસાદ સામે રક્ષણ આપવા આશરો છે જે (વિશ્વમાં લગભગ ૧૩૦ કરોડ લોકો પાસે નથી.)

૦૩. તમે શાંતિથી બેસીને વાંચી શકો છો, મતલબ કે તમે અત્યંત માંદા નથી. (દુનિયામાં કોઈ પણ સમયે આશરે ૧૨૦ કરોડ લોકો બીમાર હોય છે)

૦૪. તમારી પાસે આટલો સારો મોબાઇલ છે જે (દુનિયાના ૧૯૮ કરોડ લોકો પાસે નથી.)

૦૫. તમને પીવાનું પાણી ઘેર બેઠા મળી રહેતું હશે, જે (વિશ્વમાં આશરે ૧૮૦ કરોડ લોકોને નથી મળતું.)

૦૬. તમારા ઘેર વીજળી હશે, જે (જગતના ૧૮ કરોડ ઘરમાં નથી.)

૦૭. તમે મોજથી જીવવા વાળા વ્યક્તિ છો, એટલે જ તો મોજ થી સુતા છો અને જો બેઠા હશો તો પગ ઉપર પગ ચડાવીને બેઠા હશો. (આવી નિરાંત દુનિયાના અનેક કરોડોપતિ પાસે પણ નથી.)

૦૮. આજ સવારે તમે ઉઠ્યા ત્યારે (વિશ્વના ૮૮,૪૦૦ લોકો પોતાની ઊંઘમાં જ મૃત્યુ પામ્યા. આવુ દરરોજ બને છે.)

૦૯. તમે આ બધું વાંચી શક્યા. મતલબ કે તમને લખતા વાંચતા આવડે છે માટે તમે (આ વિશ્વના ૧૪૦ કરોડ નિરક્ષર લોકો કરતા નસીબદાર છો) જેઓને વાંચતા આવડતું નથી.

ઔર જીને કો ક્યા ચાહિયે ?

આટલો મસ્ત લેખ તમે અત્યારે વાંચી રહ્યા છો, તો પછી છોડો ફરિયાદો, અને આભાર માનો ઈશ્વરનો, નસીબનો, પુરુષાર્થનો કે, જીવન મસ્ત છે. સવારે ઊઠીને આપણો પ્રથમ શબ્દ કયો હોવો જોઈએ ખબર છે ? **Thank you, God.**

## શ્રદ્ધાંજલિ

(૧) મુ. પાળીયાદ, હા. અમદાવાદ નગીનદાસ શીવલાલ ગાંધીના ધર્મપત્ની તથા અતુલભાઈ, રાજેશભાઈ તથા પૂર્વીબેનના માતુશ્રી કોકિલાબેન નગીનદાસ ગાંધી તા. ૧૩-૦૨-૨૦૨૩ ના રોજ અરિહંતશરણ થયેલ છે.

(૨) મુ. વઢવાણ, હા. અમદાવાદ હિમાંશુભાઈ કાન્તીલાલ દોશીના ધર્મપત્ની તથા અર્પિતભાઈ, મૌલિકભાઈ ના માતુશ્રી શિલ્પાબેન હિમાંશુભાઈ દોશી તા. ૨૫-૦૨-૨૦૨૩ ના રોજ અરિહંતશરણ થયેલ છે.

સમાજ તેઓના દુઃખદ અવસાનથી દુઃખની લાગણી અનુભવે છે. પ્રભુ તેઓના આત્માને શાંતિ અર્પે..



દયાળુ લોકોના શરીરની શોભા પરોપકારથી છે.

# દિમાગ થી લડાતુ યુદ્ધ

યુદ્ધ બે રીતે રમી શકાય. એક ડાયરેકટ યુદ્ધના મેદાનમાં, બીજું દિમાગમાં. આમ જોવા જાવ તો યુધ્ધ સારું નહિ. પણ બન્નેની સરખામણીમાં મેદાનનું યુદ્ધ સારું.એટલીસ્ટ સામેવાળો વાર કરે તો ખબર પડે, પ્રોટેકટ કરી શકાય. પણ દિમાગથી લડાતું યુદ્ધ સાયકોલોજી બેઝ હોય એટલે સામેવાળી વ્યક્તિ કઈ રીતે ક્યારે વાર કરી દે ખબર જ ન પડે. આજે એક રમતના મેદાનની સાયકોલોજીની વાત કરવી છે.

ટેનિસમાં જેમને રસ હશે, તેમને ભૂતપૂર્વ અમેરિકન ટેનિસ ચેમ્પિયન આન્દ્રે અગાસી યાદ હશે. પોતાની કારકિર્દી દરમ્યાન એ આઠ ગ્રાન્ડ સ્લેમ ટાઈટલ્સ જીત્યો હતો અને એક હોલીવુડ અભિનેત્રી બ્રૂક શીલ્ડસ સાથે ડાઈવોર્સ લઈને જર્મન ટેનિસ સ્ટાર સ્ટેફી ગ્રાફને પરણ્યો હતો. પોતાની ઓટોબાયોગ્રાફીમાં તેણે એક બહુ રસપ્રદ હકીકત વર્ણવી છે જે જર્મનીના ટેનિસ સ્ટાર બોરિસ બેકર સાથેની તેની હરીફાઈ અંગેની છે. અગાસીને બેકરે સતત ત્રણ મેચમાં હરાવ્યો હતો અને એનું કારણ હતું કે બોરિસ બેકર જે રીતે સર્વિસ કરતો હતો તેનો પ્રતિકાર કરવો લગભગ અશક્ય હતો. બેકરની સર્વિસ ખૂબ ફાસ્ટ તો આવતી જ હતી પણ એ ક્યાં જઈને પડશે એ સમજવું પણ ખૂબ મુશ્કેલ પડી રહ્યું હતું. અગાસી માટે એક મોટી ચેલેન્જ હતી કે તેણે આ સમસ્યાનો હલ કેવી રીતે લાવવો. આ માટે તેણે બોરિસ બેકરની અનેક વિડિયો કેસેટ જોવાનું શરૂ કર્યું. માત્ર એક જ નહીં પરંતુ ઘણા જુદા જુદા એંગલથી એણે આ કેસેટો જોઈ. ખૂબ જ બારીકીથી અભ્યાસ કરતાં અગાસીને બેકરની એક ખાસ અને વિશિષ્ટ આદત ધ્યાનમાં આવી. તેણે જોયું કે બેકર જ્યારે પણ સર્વિસ કરતો હતો ત્યારે તેની જીભ બહાર નીકળતી હતી. મજાની વાત એ હતી કે દરેક વખતે બેકરની સર્વિસની દિશા અને જીભની દિશા એક જ રહેતી હતી ! અગાસીએ એના અનેક વિડીયો વારંવાર જોયા. દરેક વખતે બેકરની જીભ તેને કહેતી હતી કે તેના મનમાં શું ચાલી રહ્યું છે અને તે કઈ બાજુ સર્વિસ પ્લેસ કરવા જઈ રહ્યો છે. હકીકતમાં આ બેકરની જાણ બહાર જ થઈ રહ્યું હતું, જીભ બહાર કાઢવી એ બેકરની સબકોનશ્યસ હેબીટ હતી.

એકવાર અગાસીને આ વાત સમજાઈ ગઈ પછી અગાસી માટે બેકરની સર્વિસને તોડવી એ બહુ મુશ્કેલ ન હતું, પરંતુ અગાસીએ બોરિસ બેકરને શંકા પડી જાય તેવી સ્થિતિ ટાળવા માટે જાણી જોઈને નાની નાની ભૂલો કરવાનું ચાલુ રાખ્યું કારણ કે તે એ હકીકતને છુપાવવા માંગતો હતો કે તે તેના વિરોધીની સર્વિસને સમજી ચૂક્યો હતો. ત્યારબાદ અગાસીએ પછીની સળંગ નવ મેચો જીતી લીધી. બોરિસ બેકરને અંત સુધી ખ્યાલ ન હતો કે આ અચાનક પરિવર્તન કેવી રીતે આવ્યું હતું.

બોરિસ બેકર  નિવૃત્ત થયો તે પછી અગાસીએ બોરિસને આ હકીકત વિષે જણાવ્યું, એ સાંભળીને બોરિસ લગભગ ખુરશી પરથી નીચે પડી ગયો !

બોરિસે કહ્યું, દર વખતે તારી સાથે મેચ હાર્યા પછી, હું મારી પત્નીને કહેતો હતો કે મને લાગે છે કે આ માણસ મારું મન વાંચી રહ્યો છે... પણ મને ખબર ન હતી કે કેવી રીતે બની રહ્યું છે !! આ ઘટના અંગે અગાસી લખે છે કે હરીફાઈ ગમે તેટલી મોટી હોય અને સ્પર્ધક ગમે તેટલો મજબૂત હોય, આપણે હીચકિચાયા વિના તેનો સામનો કરવો જોઈએ. ક્યાંક કોઈક એક રસ્તો તો છે જ પણ એ રસ્તો શોધવા માટે આપણે ત્યાં સુધી બુદ્ધિપૂર્વક અભ્યાસ કરવાની જરૂર છે કે જ્યાં સુધી રસ્તો ન મળે. તમને આત્મવિશ્વાસ હોવો જોઈએ કે તમે જીતશો અને જીત તમારી જ છે !!!

(વિખ્યાત ટેનિસ પ્લેયર આન્દ્રે અગાસીની આત્મકથા 'ઓપન' પરથી) ડો. પ્રણવ વૈદ્ય

SHAH AGENCIES
PROPRIETOR : ENJE SHAH ENTERPRISES PVT. LTD.
DEALING IN : POLYESTER FILM
SHRINK FILM & SLEEVE
NIRAV SHAH • DEVANG SHAH
Adm. Off. : 317-318, Pushpam Complex, Opp. Seema Hall, 100 Ft. Road, Satellite, Ahmedabad - 380 015.
Phone : 91-79-26932662, 63
E-mail : shahagencies1@gmail.com

SHAH ASSOCIATES
DISTRUBUTORS : LAMINATED POUCHES, BOPP FILM / PVC SHRINK / CELLO TAPE / L.D. HMHD. P.P. PLAIN BAGS, PRINTED BAGS / CORRUGATED BOXES
ASHOK SHAH, HEMANG SHAH (M) 9825048421
Adm. Office : B-1, 104, 1st Floor, Paladium Complex, Corporate Road, S.G. Road, Setellite, Ahmedabad
Ph. : (079) 27558672
E-mail : shahpapers&foils@hotmail.com
shahpapers&foils@gmail.com
Phone : (R) (079) 26931040 / 41

JIVANSATHI.NET
મેરેજ બ્યુરો
લગ્નો ઉત્સુક દરેક જ્ઞાતી તથા ધર્મના યુવક-યુવતિઓ માટે
માત્ર કન્યાઓ માટે ૧૦૦% ફ્રી
સંપર્ક : ચંદ્રકાન્ત પંચાલ
એ-૯, તીર્થદિવભૂમિ એપાર્ટમેન્ટ, કેશવનગર રોડ, સુભાષબ્રિજ, અમદાવાદ-૨૭.
Mobile : 98 25 19 19 25
E-mail : info@jivansathi.net
Website : www.jivansathi.net


જીવનની દરેક સવાર કેટલીક શરતો લઇ ને આવે છે,
અને જીવનની દરેક સાંજ કેટલાક અનુભવ આપીને જાય છે...

# "રોટલી"

મિત્રએ પૂછ્યું 'શું તમારી વહુ તમને ૩ જ રોટલી આપે છે', પછી વડીલે જે કહ્યું તે સાંભળી બધાની આંખો ભરાઈ ગઈ.

ઉંમર લાયક માણસોના એક ગ્રુપમાંથી એક મિત્રએ તેમની પત્નીના દુનિયા છોડીને ગયા પછી પાર્કમાં ચાલવા જવું અને પોતાના મિત્રો સાથે ગપસપ કરવી, નજીકના મંદિરમાં સવાર-સાંજ જવું વગેરે પ્રવૃતિઓને પોતાની દિનચર્યા બનાવી લીધી હતી.

જોકે, તેમણે ઘરમાં કોઈ પ્રકારની સમસ્યાનો સામનો કરવો પડ્યો ન હતો. બધા તેમની ખૂબ કાળજી રાખતા હતા. પણ ઘરમાં તેમનું મન લાગતું ન હતું. ઘણી વખત આ બધા મિત્રો ઘરેથી ટિફિન લાવતા અને સાથે જમતા હતા. તેમાં આ મિત્ર હંમેશા ૩ રોટલી જ લાવતા હતા.

એક દિવસ તેમના એક મિત્રએ કુતૂહલવશ પૂછ્યું કે, શું તમારી વહુ તમને ત્રણ જ રોટલી આપે છે ? પેલા મિત્રએ પૂછ્યું કે શું તમને ઓછી ભૂખ લાગે છે ?

પછી વડીલ બોલ્યા કે, હું ભગવાન પાસે હંમેશા ત્રણ રોટલી જ માંગું છું. અને આજે હું તમને લોકોને રોટલી વિષે એક વાત કહું છું તે ધ્યાનથી સાંભળો.

મારા મત અનુસાર હકીકતમાં, રોટલી ચાર પ્રકારની હોય છે. પહેલી "સૌથી સ્વાદિષ્ટ" રોટલી જે "માતાના પ્રેમ" અને "વાત્સલ્ય" થી ભરેલી હોય છે. જેનાથી પેટ ભરાય છે, પણ મન હંમેશા તેને ખાવા માટે અતૃપ્ત રહે છે. આ સાંભળી એક મિત્રએ કહ્યું : સોળ આના સાચી વાત કરી તમે. પણ લગ્ન પછી માઁ ના હાથની રોટલી ભાગ્યે જ મળે છે. વડીલે આગળ કહ્યું. હા, બરાબર અને બીજી રોટલી પત્નીની હોય છે, જેમાં સ્વભાવ અને "સમર્પણ" ની ભાવના હોય છે, જે "પેટ" અને "મન" બંનેને ભરે છે. આ સાંભળી બીજા એક મિત્ર બોલ્યા અરે આ વાત અમે ક્યારેય વિચારી જ નથી. તો પછી ત્રીજી રોટલી કોની હોય છે? અન્ય એક મિત્રએ પૂછ્યું.

વડીલે કહ્યું : ત્રીજી રોટલી વહુની હોય છે, જેમાં માત્ર "ફરજ"ની ભાવના હોય છે જે થોડો સ્વાદ પણ આપે છે અને પેટ પણ ભરે છે અને વૃદ્ધાશ્રમની તકલીફોમાંથી પણ બચાવે છે. એ પછી થોડીવાર માટે મૌન છવાઈ ગયું.પણ આ ચોથી રોટલી કઈ હોય છે? મૌન તોડતાં એક મિત્રએ પૂછ્યું. પછી વડીલ બોલ્યા : ચોથી રોટલી નોકરાણીની હોય છે. જેનાથી ન તો વ્યક્તિનું "પેટ" સંતુષ્ટ થાય છે કે ન તો "મન" સંતુષ્ટ થાય છે અને "સ્વાદ" ની કોઈ ગેરંટી નથી. આ વખતે મૌનની સાથે સાથે દરેકની આંખો ભીની થઈ ગઈ હતી.

એટલે મિત્રો ...

હંમેશા માતાની પૂજા કરો, પત્નીને તમારી શ્રેષ્ઠ મિત્ર બનાવીને જીવન જીવો, પુત્રવધૂને તમારી પુત્રી સમજો અને તેની નાની-નાની ભૂલોને નજરઅંદાજ કરો, અને કોઈ વાત સમજાવવા જેવી હોય તો શાંતિથી અને પ્રેમથી સમજાવો. જો તે ખુશ હશે તો તમારું સારી રીતે ધ્યાન રાખશે. પણ જો પરિસ્થિતિ તમને ચોથી રોટલી પર લઈ આવે, તો એ વાત માટે ભગવાનનો આભાર માનો કે તેમણે તમને જીવતા રાખ્યા છે અને હવે સ્વાદ પર ધ્યાન ન આપો, બસ જીવવા માટે થોડું ઓછું ખાઓ જેથી વૃદ્ધાવસ્થા આરામથી કાપી શકાય.

એ પછી બધા મિત્રો ચુપચાપ વિચારતા હતા કે આપણે ખરેખર કેટલા નસીબદાર છીએ.

જેની જીભમાં અમી તેને દુનિયા નમી.
શાહ જયસુખલાલ ધોળાભાઈ (પાળીયાદવાળા)
ગુજરાત મશીનરી કું.
મુમતાજ મહલ બિલ્ડિંગ, પેટ્રોલ પંપ સામે,
ઝકરીયા મસ્જિદ, રિલીફ રોડ, અમદાવાદ.
ડિસ્ટ્રિબ્યુટર્સ : HONDA જનસેટ એન્ડ પંપ સેટ
કન્સ્ટ્રકશન મશીનરી એન્ડ સ્પેર્સ
ફોન : ૨૨૧૬૯૬૪૨, ૨૨૧૭૦૯૫૪
જયસુખભાઈ ડી. શાહ મો.૯૩૨૭૧૭૫૬૦૦
ધવલ જે. શાહ - મો. : ૯૮૨૪૦૩૭૩૨૦
નેહલ જે. શાહ - મો. : ૯૮૨૫૧ ૭૫૬૦૦

આપણું "મૃત્યુ" નિશ્ચિત છે, પણ સમય નક્કી નથી.
LIC
આપણા સહારે જીવન જીવનારને
આપણી ગેરહાજરીમાં પણ સહારો આપીએ
સુરક્ષાના પગલે પગલે......
લાઇફ ઇન્સ્યુરન્સના તેમજ જનરલ
ICICI ઇન્સ્યુરન્સના કોઈ પણ કામકાજ માટે
● મ્યુચ્યુઅલ ફંડના વિક્રેતા
નીપા પી. ગાંધી : તૃષ્ણા એચ. ગાંધી
જી-૪૧, હરિઓમ પાર્ક સોસાયટી, જય અંબે નગર રોડ,
ઘોસા સોસાયટી સામે, થલતેજ, અમદાવાદ - ૩૮૦ ૦૫૪
(રહે.) ૨૬૮૫૨૪૮૫ મો. : ૯૪૨૮૨૯૨૦૮૨
E-mail : hjgandhi@redifmail.com

ભૂપેન્દ્ર વી. શાહ ફોન : ૨૫૩૫૫૯૭૧,૨૫૩૩૦૮૬૬
મો. : ૯૮૭૯૧ ૫૭૪૭૨
૯૭૧૪૧ ૩૫૯૪૦
Maruti
જયશ્રી બાલા હનુમાન સ્ટોર્સ
શ્રી મારુતિ હનુમાન સ્ટોર્સ
SHREE MARUTI HANUMAN STORES
Mfg. Wholeseller in :
નોટબુક, ફૂલસ્કેપ, પરીક્ષા પેપર,
એકાઉન્ટ બુક, લેમિનેશન બ્રાઉન પેપર
દોશીવાડાની પોળના નાકે, ટંકશાળ રોડ,
કાળુપુર, અમદાવાદ-૧



તમારા પોતાના દોષો માટે અન્ય કોઈનો
વાંક કાઢવો નહી - સ્વામી વિવેકાનંદ

# બદલાની ભાવના

"પરાયે હો ગયે તો ક્યા કભી તો ભી થે અપને"

'વેલેન્ટાઇન ડે' માટે મારે આજે અલગ દ્રષ્ટીકોણથી વાત કરવી છે. આજથી ૫૦ વર્ષ પહેલા (૧૯૭૩) રીલીઝ થયેલી ફિલ્મ 'આ ગલે લગ જા' ની સ્ટોરીમાં ડોક્ટર શત્રુઘન સિન્હાએ પોતાની ભૂતકાળની મિત્ર શર્મિલા ટાગોરના પુત્રની સર્જરી કરવાની હોય છે. પ્રેક્ષકો એમ માનતા હોય છે કે શત્રુઘન સિન્હા પાસે ભૂતકાળનો બદલો લેવાની તક આવી છે પણ શતૃગ્ઘ સિન્હાએ પોતાના શ્રેષ્ઠ કૌશલ્યથી સર્જરી કરી.

આવી જ એક ઘટના હમણાં વાંચવામાં આવી. બેંગ્લોરમાં બે વર્ષથી પોતાના પતિથી જુદા રહેતા લેડી ઈ.એન.ટી સર્જને પોતાના નણંદની જ સર્જરી કરવાની હતી. ગવર્મેન્ટ હોસ્પિટલમાં પ્રોફેસર ડોક્ટરે પોતાની શ્રેષ્ઠ આવડતથી સર્જરી કરી. તે પછી પોતાના ચેમ્બરમાં જ પોતાના એક સમયના સાસરા પક્ષના લોકો સાથે પેશન્ટની તકલીફ અને સર્જરી બાદની સલાહ માટે વાત કરવાની આવી અને તેમણે ખુબ જ શાંત ચિત્તે વાત કરી.

ગાંધીજી સાથેનો એક પ્રસંગ લેખક ભૂપત વડોદરિયાના એક પુસ્તકમાં વાંચ્યો હતો. પોતાના રાજકોટ સ્થિત એક મિત્રના અવસાન પછી મિત્રની પત્નીએ ગાંધીજીને કહ્યું, 'પતિના વિદાય બાદ હવે સાસરા પક્ષના લોકો તરફથી મારા જીવન નિર્વાહ બાબત કોઈ મદદ નથી.' છતાં ગાંધીજીએ તેને પોતાના સાસરા પક્ષના લોકો સાથે શ્રેષ્ઠ વર્તન કરવાની અને કોઈ પણ સંજોગોમાં ઝગડો ના થાય તે માટે સલાહ આપી હતી. વર્ષો પછી તે બહેને ગાંધીજીને જણાવ્યું, 'મારા સસરાએ મારા સંતાનોને ભણાવવાનો ખર્ચો પણ આપ્યો અને અમુક પ્રોપર્ટી પણ સંતાનોના નામે કરી છે.'

બદલો લેવાની કે બતાવી દેવાની ભાવના સાથે જીવવું એટલે જે વ્યક્તિ સાથે એક સમયે તમે જે તકલીફો સાથે જીવતા હતા હવે તેનાથી અલગ છો છતાં વધુ તકલીફો અને વધુ પીડા સાથે તમે જીવી રહ્યા છો. ક્ષમા નહીં આપી અને બદલો લેવાનો વિચાર વ્યક્તિના મન અને મગજ પર વધુ અત્યાચાર કરે છે. કડવા વિચારોનું કામ હૃદય અને મગજના જીવંત કોષોને ખેદાન મેદાન કરવાનું જ છે. આ ભાવના સાથે જીવતા લોકોની કાર્યક્ષમતા ધીરે ધીરે ઘટતી જાય છે. પહેલા અન્યાય એ વ્યક્તિ કરતી હતી હવે એકલા રહીને પણ તમારી જાત સાથે અન્યાય તમે પોતે જ કરી રહ્યા છો અને તમારી જાણ બહાર જીવનના દરેક ક્ષેત્રમાં તમે પાછળ પડતા જાવ છે.

આ દુઃખદાયક સ્થિતિમાંથી છુટકારો એટલે એક સમયે જે પોતાની પ્રિય વ્યક્તિ હતી પોતાની વેલેન્ટાઇન હતી તે વ્યક્તિ માટે સારું વિચારવું, તેની સાથે વિતાવેલી શ્રેષ્ઠ ક્ષણોને યાદ કરવી, એના સારા પાસા યાદ કરવા અને એવા સંજોગો આવે કે તેના માટે જ કઈક કરવાનું આવે તો પોતાનું શ્રેષ્ઠ પ્રદાન કરવું. આ જ વર્તણુક ભવિષ્યમાં તમારે માટે પાછો શ્રેષ્ઠ સમય લાવવા મદદગાર થતી હોય છે. ૧૯૯૦ માં આવેલ 'સંજોગ' પિક્ચરના પ્રખ્યાત ગીત 'વો ભૂલી દાસ્તા.....' માં રાજીન્દર કિશને આ ભાવ સાથે લખેલા શબ્દો 'હવે એ લોકો પરાયા થઇ ગયા તેથી શું થઈ ગયું, ક્યારેક તો આપણા પોતાના હતા' ઘણું સત્ય સમજાવી જાય છે.

કડવી યાદોને હૃદય સાથે બાંધી એક ભાર સાથે શા માટે જીવવું? દશેક વર્ષ પહેલા માસિક 'અખંડ આનંદ'માં આવેલ એક વાર્તાનો સાર સમજવા જેવો છે. 'એક ગામમાં પંચાયત પ્રમુખની ચૂંટણીમાં કુલ ૨૧ સભ્યો હતા. બે મુખ્ય પાર્ટી પાસે દસ દસ વોટ હતા. બાકી રહેલા એક વોટથી કોણ પ્રમુખ બનશે તે નક્કી થવાનું હતું. જેનો વોટ બાકી હતો તે બહેન ગામના જ એક પ્રતિષ્ઠિત કુટુંબના વહુ હતા. તેમના પતિ સાથે અણબનાવ હોઈ હવે તે જુદા રહેતા હતા. તેમના સસરા જ એક પાર્ટીના પ્રમુખ હતા. બધાને એમ જ હતું કે બહેન સસરા વિરુધ્ધ વોટ આપશે પણ બધાના આશ્ચર્ય વચ્ચે બહેને તેમના સસરાને જ વોટ આપી વિજયી બનાવ્યા. બહેને તેમના પતિ સાથેના અણબનાવને વચ્ચે નહીં લાવીને તેમના સસરાની અને ભૂતકાળના તેમના ઘરની આબરૂ સાચવી લીધી.'

વિપરિત સંજોગોમાં પણ પોતાને અન્યાય કરેલી વ્યક્તિને પ્રેમ આપવો તેને ઈશ્વર પ્રત્યેની કઠિન સાધના સમકક્ષ ગણી શકાય.

છેલ્લો બોલ : ૨૦૧૮ માં 'રાઝી'ની નિર્માત્રી મેઘના ગુલઝારે એક ઈન્ટરવ્યૂમાં સુંદર વાત કરી હતી. મારી માતા 'રાખી' અને મારા પિતા 'ગુલઝાર' વર્ષોથી જુદા રહે છે છતાં મારા પિતા માટેની શ્રેષ્ઠ વસ્તુઓ હું મારી માતા પાસેથી જાણી શકી છું અને મારી માતાની શ્રેષ્ઠ વસ્તુઓ મને મારા પિતાએ જણાવી છે.

(આ જ કારણથી માતાપિતાથી જુદું રહેલું સંતાન પણ નેશનલ એવોર્ડ વિજેતા પિક્ચરનું નિર્માણ કરી શક્યું).

- ડો.આશિષ ચોક્સી

# મારા ઘરનું બંધારણ (નિયમો)

૧. ઘરમાં સામાન વેરવિખેર ન રાખવો.
૨. પોતાના રુમની વસ્તુઓ જેવી કે પુસ્તકો-કપડાં- રમતના સાધનો વિ. સુવ્યવસ્થિત રાખવા.
૩. વડીલોનો આદર કરવો- ચરણસ્પર્શ કરવા.
૪. વડીલોની વાત અનુકુળ ન પડે તો પણ તેઓની સાથે વિનયપૂર્વક વાતચીત વર્તન કરવું.
૫. ભોજનના સમયે ટીવી-મોબાઇલ-વિવાદનો ત્યાગ.
૬. રાત્રે ૧૦ વાગ્યા પછી શક્ય હોય ત્યાં સુધી મોબાઇલનો ઉપયોગ કરવો નહી.
૭. રોજ સામૂહિક પ્રાર્થના કરવી. શક્ય હોય ત્યાં સુધી સવારે.
૮. દિવસમાં એકવાર અનુકુળ સમયે ૧૫ મીનીટ સાથે બેસીને ધર્મચર્ચા, સારી વાતો કરવી.
૯. સવારે ઉઠતાં જ કોઇપણ કારણસર કીચ-કીચ કરવી નહીં.
૧૦. નાના-મોટા કોઇને તુંકારે ન બોલાવવા. યોગ્ય માન-સન્માન આપવું.
૧૧. મોટાની વાત એક જ વારમાં સાંભળી લેવી-સ્વીકારી લેવી.
૧૨. જન્મદિવસે દાન, સેવા વિ. શુભકાર્ય જાતે કરવાનો પ્રયત્ન કરવો. પૈસા આપીને તેનો સંતોષ ન માનવો.
૧૩. જમતાં એઠું મુકવું નહીં.
૧૪. જે રસોઇ બનાવી હોય તે જમી લેવી- ભોજનમાં નખરા ના કરવા.
૧૫. પાણી-ઇલે.સીટી - પેપરનો ઓછામાં ઓછો બગાડ થાય તેની કાળજી રાખવી.
૧૬. વેજ-નોનવેજ મીક્ષ હોય તેવી રેસ્ટોરન્ટમાં કે ક્યાંય જમવું નહીં.
૧૭. અઠવાડિયામાં ઓછામાં ઓછું ૧ દિવસ બધાએ બંને સમય સાથે બેસીને જમવું.
૧૮. અઠવાડિયામાં ૧ વારથી વધુ બહાર ખાવું નહી અથવા તો બહારથી ખાવાનું મંગાવવું નહી.

# ક્યો પતિ ખરીદું ?

શહેરના બજારમાં એક બહુ મજલી દુકાન ખુલી જેનાં પર લખ્યું હતું. "અહીં આપ પતિ ખરીદી શકો છો" સ્ત્રીઓનો એક જમાવડો ત્યાં જમા થવાં લાગ્યો. બધીજ સ્ત્રીઓ દુકાનમાં દાખલ થવાના માટે બેચેન હતી, લાંબી કતારો લાગી ગઈ. દુકાનના મુખ્ય દરવાજા પર લખ્યું હતું. "પતિ ખરીદવા માટે નિમ્ન શરતો લાગુ. આ દુકાનમાં કોઈ પણ સ્ત્રી ફક્ત એક વાર જ દાખલ થઈ શકે છે દુકાનમાં ૬ માળ છે અને પ્રત્યેક માળ પર પતિઓના પ્રકાર વિષે લખ્યું છે. ખરીદાર સ્ત્રી કોઈ પણ માળ પરથી પોતાનો પતિ પસંદ કરી શકે છે પરંતુ એક વાર ઉપર ગયા બાદ ફરી નીચે આવી શકાશે નહી, સિવાય કે બહાર જવાં માટે."

એક ખુબસુરત યુવતીને દુકાનમાં દાખલ થવાનો મોકો મળ્યો. પહેલા માળના દરવાજા પર લખ્યું હતું.આ માળના પતિ સારી કમાણી વાળા છે અને નેક છે, યુવતી આગળ વધી. બીજા માળ પર લખ્યું હતું . આ માળના પતિ સારી કમાણી વાળા છે, નેક છે અને બાળકોને પસંદ કરે છે, યુવતી ફરી આગળ વધી. ત્રીજા માળના દરવાજા પર લખ્યું હતું. આ માળના પતિ સારી કમાણી વાળા છે, નેક છે અને ખુબસુરત પણ છે. આ વાંચીને યુવતી થોડી વાર માટે રોકાઈ ગઈ, પરંતુ એ વિચાર કરીને કે ચલો ઉપરના માળ પર જઇને જોઇએ, આગળ વધી. ચોથા માળના દરવાજા પર લખ્યું હતું.આ માળના પતિ સારી કમાણી વાળા છે, નેક છે, ખુબસુરત પણ છે અને ઘરના કામોમાં મદદ પણ કરે છે. એ વાંચીને યુવતીને ચક્કર આવવા લાગ્યાં અને વિચાર કરવા લાગી.
શું આવા મર્દ પણ આ દુનિયામાં હોઈ શકે ? ચાલો, અહીંથી જ પતિ ખરીદી લઉં છું.પરંતુ મન ન માન્યું. એક ઓર માળ ઉપર ચાલી ગઈ.

પાંચમા માળ પર લખ્યું હતું. આ માળના પતિ સારી કમાણી વાળા છે, નેક છે,ખુબસુરત છે ઘરના કામોમાં મદદ કરે છે અને પોતાની પત્નીઓથી પ્યાર કરે છે, હવે આની અક્કલ જવાબ દેવા લાગી, તે વિચાર કરવા લાગી, આનાથી બેહતર મર્દ બીજો ક્યો હોઈ શકે ભલા પરંતુ તો પણ તેનું દિલ ન માન્યું અને આખરી માળ તરફ કદમ વધવા લાગ્યા. આખરી માળના દરવાજા પર લખ્યું હતું. "આપ આ માળ પર આવવા વાળી ૨૩૩૩૮ મી સ્ત્રી છો, આ માળ પર કોઈ પણ પતિ છે જ નહીં, આ માળ ફક્ત એટલા માટે બનાવવામાં આવ્યો જેથી એ વાતની સાબિતી દઈ શકાય કે ઇન્સાનને પૂર્ણત સંતુષ્ટ કરવો નામુમકિન છે. અમારા સ્ટોરની મુલાકાત બદલ આભાર. પગથિયાં બહારની તરફ જાય છે. પુનઃ પધારવાની આવશ્યકતા નથી. સારાંશ : આજ સમાજની બધી કન્યાઓ અને વર પક્ષના પિતાઓ આ બધું કરી રહ્યાં છે.હજુ સારું હજુ ઓર સારું અને સારુંના ચક્કરમાં લગ્નની સાચી ઉમર ખતમ થઈ રહી છે. હાથમા મુકવાની મહેંદીને વાળમા મુકવી પડે.

SHAH ESTATE CONSULTANT
RERA REGISTERED
Jayesh Shah
+91 99740 89640
+91 98250 13076
JITO (Member)
A.E.B.A. (Member)
GREAC (Member)
Residential & Commercial Property
Rent | Sale | Lease, Home Loan Advisor
M-13/76, Rupal Park, Opp. Patrakar Colony, Vijaynagar, Naranpura, Ahmedabad - 380013
jayeshshah1376@gmail.com

જીતેન્દ્ર આર. શાહ તથા
વર્ષા જીતેન્દ્ર શાહ
લાઈફ ઇન્સ્યોરન્સ કન્સલ્ટન્ટ/એજન્ટ
૪૧ વર્ષથી લાઈફ ઇન્સ્યુરન્સ કૉર્પોરેશન ઑફ ઈન્ડિયાના એજન્ટ તેમજ ચેરમેન કલબ મેમ્બર
રહેઠાણ : સી/૯૦૧, શ્રીજી ટાવર્સ, ઇન્દ્રપ્રસ્થ ટાવર્સ સામે, ડ્રાઇવ-ઇન રોડ, ગુરુકુળ, અમદાવાદ-૩૮૦ ૦૫૨
એલ.આઇ.સી.ની તમામ જાતની સેવા માટે કોન્ટેક્ટ (મો.) ૯૮૨૫૦ ૧૧૨૩૨
"મૃત્યુ થવાનું છે તે માટે જિંદગીનો વીમો લેવાતો નથી, પણ પાછળ કોઇ જીવિત રહેવાનું છે, તે માટે જ જીવન વીમો જરૂરી છે.


શિખામણ ના સો શબ્દો કરતા.સાહેબ.અનુભવ ની એક ઠોકર વધારે અસરકારક હોય છે...

## (મોબાઈલ) સત્ય ઘટના

આજે એક ગામડાના વિધવા માજી તાલુકા મથકનાં મોબાઈલવાળાને વારંવાર વિનંતી કરતા હતા કે આમાં કેવું બેલેન્સ નાંખે, મારા દિકરાને મુંબઈ ફોન જ નથી લાગતો, મોબાઈલવાળા ને મે પુછયુ ભાઈ શું છે ?

મોબાઈલવાળા એ કહ્યું (ધીમા અવાજે)આ માજીને એકનો એક છોકરો છે ૪૦ વિઘા જમીન છે.માજીના ઘરવાળા ગયા મહિને મરણ થયા છે..સરકારી નોકરી હતી પેંશન આવે છે. પણ દિકરો અને વહુ મુંબઈ લઈ જતા નથી વાડી સાંચવવા રાખ્યા છે. મોટા બંગલા માં એકલું એકલું લાગે એટલે માજી મુંબઈ ફોન કર્યા કર થયા હશે. આધુનીક વહુને આ નથી ગમતુ કે એમનો હસબંડ (માજીનો દિકરો) દિવસમાં દસ વાર એની મંમી સાથે વાત કરે એટલે માજીનો મોબાઈલ નંબર બંને એ બ્લોક કરેલો છે

મેં એક મોટો નીસાસો નાંખી મજબૂત થઈ માજી પાસે બેસી કહ્યું બા તમારો મોબાઈલ આપો હું રીપેર કરી આપું. માજી માટે ચા મંગાવી હુ મોબાઈલવાળાએ બનાવેલી ચેમ્બરમાં ગયો માજી ના દિકરા ને મારા મોબાઈલમાંથી ફોન કર્યો . મારૂ નામ આપ્યું અને કહ્યું કે આ માજી જમીન વેચવા મારી ઓફીસ પર આવ્યા છે ૧ લાખનો વિઘો જમીન કહે છે તમને મંજૂર છે ને ? મૂંબઈગરો ઉછાળ્યો અરે બાપુ ૧૦ લાખની વિઘો જમીન એમ એક લાખમાં થોડી વેચી દેવાઈ ચાર કરોડની જમીન ચાલીસ લાખમાં મારી બા ગાંડા થઈ ગયા છે. મે હંસીને કહ્યું મે પેપર ઓનલાઇન ચેક કર્યા માજીના નામે જ છે, એ કહે રહો હું બા ને ફોન કરૂ.

મે માજીના મોબાઈલમાં બંનને ના નંબર બ્લોક કર્યા હતા. હું ચેમ્બરમાંથી બહાર આવ્યો.માજીને કહ્યું બા આ મોબાઈલ ૨૪ કલાકમાં ચાલુ થઈ જશે. ત્યાં સુધી Switch Off રાખવો પડશે. માજી થોડી નીરાશ થયા મે કહ્યું "બા"હું તમારા ગામ બાજુ જાવ છું તમને ઘર સુધી ઉતારતો જાવ, મોબાઈલવાળા સામે જોઈ માજી કહ્યું તમારા જેવો ભગવાન નહી. માજીને ઘરે ઉતારી દિધા. હું ત્રીજા દિવસે માજીના ઘર બાજુ ખબર પૂછવા ગયો તો પાડોશી એ કહ્યું કે બે દિવસ પહેલા દિકરો અને વહુ આવ્યા હતા માજી ને મુંબઈ લઈ ગયા અને વાડી ગામ ના કણબી પટેલને ૩૩% ભાગે વાવેતર કરવા આપી દિધી.

મીશન માજી મોબાઈલ સફળ થયું. મારી પાસે ફોન નંબર હતો મે ફોન કર્યો માજીને મે કહ્યું બા જય માતાજી મોબાઈલ ની દુકાને મળ્યો હતો એ બાપૂ બોલું છુ મોબાઈલ ચાલુ થઈ ગયો??

માજીએ કહ્યું હવે મોબાઈલ ની શું જરૂર દિકરો અને વહુ ના ઘરે મુંબઈ આવી ગઈ છું. એઈ બેય સામાને સામા જ હોય છે.

મે કહ્યું આ મારો નંબર છે મોબાઈલ બગડે તો ફોન કરજો.

## નાનકડી કથા

માતાનાં નામે હતી તે જગ્યા, પોતાના નામે કરી લેવાની ઈચ્છા થી બંને ભાઈઓ 'માઁ' પોતાના ઘરે રહે ,તે બાબતને લઈ ને બંને ભાઈઓ ઝઘડવા લાગ્યા. તેઓએ 'માઁ' ને પૂછ્યું તો 'માઁ' એ કહ્યું, હું જે ત્રણ ગોળીઓ લઉ છું, તેના નામ જે બતાવી આપે, તેના ઘરે હું જઈશ. બંને ભાઈ ઓ નીચું જોઈ ગયા.

ભણવા માટે દૂર ગયેલા દિકરાએ માતાને પત્ર લખ્યો, કે અહિંયા મારાં જમવાની સારી સગવડ છે, તું ચિંતા કરીશ નહીં. પત્ર વાંચી ને માતા એ એક વખતનું ભોજન બંધ કર્યું, કેમ કે પત્રના અંતમાં પુત્રનાં આંસુ થી શાહી બગડેલી હતી.

દાદાની લાકડી પકડીને દાદાને લઈ જતા પૌત્રને જોઈ લોકો બોલ્યા, જોજે, ધીમે ધીમે, દાદા પડી ન જાય. દાદા હસીને બોલ્યા, હું કંઈ પડતો હોય, મારી પાસે બે લાકડીઓ છે.

કેરીનાં ઝાડ પર ચઢીને કેરીને ચોરતા છોકરાંના વાસે રખેવાળે લાકડી મારી અને તેને બીવડાવવા માટે થોડીવાર માટે ઝાડના થડ સાથે બાંધી દીધો. કોણ જાણે કેમ એ ઝાડને ફરી કદીયે ફળ આવ્યાં નહિં.

ઓફિસથી થાકેલા પિતાએ આવીને દાદીના પગ દબાવ્યા, તે જોઈને રાત્રે દિકરી એ પિતાજી ના પીઠ પર માલીશ કર્યુ. આ જોઈએ દાદી બોલ્યા થાળીમાંથી વાટકીમાં અને વાટકીમાંથી થાળીમાં.

પિતાજીના ગયાં પછી સંપત્તિની વહેચણી કર્યા બાદ ઘરડી 'માઁ' ને પોતાના ઘરે લઈ જતી દિકરી બોલી, હું ખૂબ નસીબદાર છું, મારા ભાગે તો જીવન આવ્યું છે.

ગઈ કાલે મારો છોકરો મને કહે, પિતાજી હું તમને છોડીને ક્યારેય નહીં જાઉં, કેમકે તમે પણ કદી દાદા દાદીને છોડીને ગયા નથી. આ સાંભળીને મને મારા વડીલોની મિલકત મળી ગયાંનો આનંદ થયો.

તેના પતિના મિત્ર હોસ્પિટલમાં મળવા આવ્યા. જતા જતા પરાણે ૫૦૦૦ રુ. તેના હાથમાં આપ્યા અને કહ્યું લગ્નમાં બહેનને દક્ષિણા આપવાની રહી ગઈ હતી. તે દિવસે મળેલી બધી ભેટોમાં આ શ્રેષ્ઠ હતી.

આજે ઓફિસથી છૂટીને ભેળ ખાવાની બહુ ઈચ્છા હતી, પણ સાસુજીને મંદિર જવાનું મોડું થાય તેથી ઘરે જલ્દી પહોંચી ગઈ. જઈને જેવી રસોડામાં ગઈ તો સાસુજીએ કહ્યું ચાલ જલ્દી, હાથ પગ ધોઈ લે, કેરી નાખીને ભેળ બનાવી છે, ઘણાં દિવસથી મને ખાવાનું મન હતું.

સાંજના સમયે સુમતીબેન માળા ફેરવતા હતા, ત્યાં છોકરો નોકરીએથી ઘરે આવ્યો, તેની સાથે મોગરાના ફૂલની સુગંધ આવી. તેને થયું આજે વહુ મોગરાનો ગજરો હમણાં માથામાં નાખીને આવશે. પણ ત્યાં તો તેણે જોયું કે શ્રીકૃષ્ણ ભગવાન માટે મંદિરની થાળીમાં મોગરાના ફૂલ હતાં. ભગવાન પણ ગાલમાં હસતાં હતાં.



પ્રાર્થના કરતી વખતે મંદિરમાં હોવુ જરૂરી
નથી પરંતુ મનમાં ઈશ્વરનું હોવું ખૂબ જ જરૂરી છે.

# બહોત ગઈ.. થોડી રહી...

એક નગરમાં એક ગાનારો પોતાની ગાનારી પત્ની સાથે આવી ચડ્યો. તેને થયું કે, રાજદરબારમાં નાચગાનનો જલસો ગોઠવાય તો ઘણાં પૈસા મળશે અને લોકોને નાચગાન ગમી જશે તો એ લોકો પણ આમંત્રણ આપશે. એમ વિચાર કરીને તે પ્રધાનજી પાસે ગયો. નમન કરીને તેણે બધી વાત કરી.

પ્રધાનજી કહે : "તારી વાત બરોબર છે પણ અમારાં રાજાજી બહું જ કરકસર કરનારા છે, કોઈને એક દમડિય આપે એમ નથી. માટે તારી ઈચ્છા હોય તો જલસો ગોઠવુ પણ ધનની આશા ન રાખવી. પછી જેવું તારું નસીબ".

ગાયક અને તેની પત્ની આ સાંભળીને જરા નિરાશ થઇ ગયાં. આટલે દૂર આવ્યાં અને ખાલી હાથે પાછા જવું પડે, એ તો સારું ન કહેવાય. એટલે જે થાય તે ખરું એમ વિચારી ગાયકે કહ્યું," "પ્રધાનજી ભલે જે ભાગ્યમાં હશે તે થશે, આપ ખુશીથી નાચગાનનો જલસો આજ રાતે ગોઠવો. પણ રાજાજીને કહેજો જોવા આવે".

રાત પડી અને રાજદરબારમાં પ્રજાજનો નાચગાનનો જલસો જોવા ઉમટી પડ્યાં છે. ઘણાં વખત પછી કંજૂસ રાજાજીએ જલસો ગોઠવ્યો, એટલે બધાં રાજી થઈને આવ્યાં હતાં.

જેમ જેમ રાત વધતી ગઈ તેમ તેમ રસ જામતો ગયો. પણ પેલી કહેવત છે ને? 'યથા રાજા, તથા પ્રજા !' એટલે કંજૂસ રાજાએ કશી બક્ષિસ ધરી નહિ, તેમ કોઈ ધનિક પ્રજાજને પણ કશી ભેટ ન આપી! અરે, કોઈ ઉત્સાહના સૂર પણ ન કાઢે ! રખેને, કંઈ આપવું પડે!.

અર્ધી રાત વહી ગઈ અને પેલી નર્તકી નાચી નાચીને અને ગાઈ ગાઈને લોથપોથ થઈ ગઈ. પણ કોઈએ એક પાઈ પૈસો આપ્યું નહીં. એટલે તેણે પોતાના ગાયક પતિનું ધ્યાન દોરવા એક દુહો લલકાર્યોઃ-

"રાત ઘડીભર રહી ગઈ, પીંજર થાક્યો આંચ.
નટકી કહે સૂણ નાયકા, અબ મધૂરી તાલ બજાય".

એ સાંભળીને પેલો ગાયક તેનો મર્મ સમજી ગયો. ને તેણે સામે ઉત્તર રૂપે ગાયું :-" બહોત ગઈ ને થોડી રહી, થોડી ભી અબ જાય. થોડી દેર કે કારણે, તાલ મે ભંગ ન થાય".

આ દુહો ગાતાં નવું જ કૌતુક થયું. સાંભળવા આવેલ લોકોમાં એક સાધુ હતો. તેણે તુરંત જ પોતાનો નવો કીંમતી કામળો પેલા ગાયક તરફ ફેંક્યો. રાજકુંવરે પોતાનાં હાથનું રત્ન જડિત સોનાનુ કડું તેને ભેટ આપ્યું અને રાજકન્યાએ પોતાનો મૂલ્યવાન હીરાનો હાર ગળામાંથી કાઢીને પેલા ગાનારને આપ્યો.

આ જોઈને કંજૂસ રાજાને ખૂબ આશ્ચર્ય થયું. એકાએક એવું તે શું બન્યું કે આટલી મોટી કીંમતી ભેટ પેલા ગાનારને ભેટ મળી ? તેણે સાધુને પૂછ્યું. "સાધુ મહારાજ ! આપે અંહી એવું તે શું કૌતુક જોયું કે આપને આપનો નવો કીંમતી કામળો ગાનારને ભેટ આપવાનું મન થયું?". સાધુએ કહ્યું, "રાજાજી હું આપને સાચું જ કહીશ. કેટલાય વર્ષોથી મે સંસાર સુખનો ત્યાગ કર્યો હતો. પણ આજે અંહીનો બધો વૈભવ જોઈને મારું મન ફરીને સંસારસુખો ભોગવવા ઊંચા નીચું થવા લાગ્યું હતું. ત્યાં આ ગાયકે ગાયું કે,

બહોત ગઈ ને થોડી રહી, થોડી ભી અબ જાય,
થોડી દેર કે કારણે, તાલમે ભંગ ન થાય.


એ સાંભળીને મને થયું કે, આટલાં વર્ષો કઠિન તપસ્યા કરીને સાધુ તરીકે ગાળ્યાં, હવે જીવનનાં થોડાં વર્ષો બાકી રહ્યાં છે, ત્યારે શા માટે એ સન્માર્ગથી ચલિત થઈને મારે જીવતર એળે ગુમાવવું ? મને એ ગાયકના વચનથી ભાન આવ્યું. માટે મે તેનાં પર ખુશ થઈને મારો એકનો એક કીંમતી કામળો તેને ભેટમાં આપી દીધો".

પછી રાજાએ તેનાં રાજકુવરને પૂછ્યું, એટલે કુંવર કહે; "પિતાશ્રી, આપને હું સાચી હકીકત કહીશ. એ સાંભળીને આપને જે સજા કરવી હોય તે મને ખુશીથી કરજો. હું આપના કંજૂસપણાથી કંટાળી ગયો હતો. હું રાજાનો કુંવર હોવા છતાં કંગાળની માફક રહું છું. મને જરાય સુખ નથી. એટલે મે કંટાળી જઈને આપનું કાલે સવારે ખુન કરવાનો વિચાર કર્યો હતો. પરંતુ આ ગાયકના દુહાએ મારાં કુવિચારોને મારી હઠાવ્યો. મને થયું આપ હવે ઘરડાં થયાં છો. વધુમાં વધુ આપ કેટલું જીવવાના છો? માટે હવે થોડો વખત વધારે મુશ્કેલી ભોગવી લઉં તો એમાં શું થઈ ગયું ? નાહક આપને મારીને પિતૃહત્યાનુ પાપ શા માટે વહોરી લઉં ? એટલે મે કુવિચાર છોડી દીધો. મને આ ગાયકે જગાડ્યો, તેથી મે ખુશ થઈને મારું કીંમતી રત્નજડિત કડું તેને ભેટમાં આપી દીધું.

પછી રાજાએ કુંવરીને કારણ પૂછ્યું, એટલે કુંવરીએ જવાબ આપ્યો; "પિતાશ્રી હું પણ આપને સાચું જ કહીશ. હું હવે મોટી થઈ ગઈ છું. પણ આપ ધનની લાલચમાં મારાં લગ્ન યોગ્ય પાત્ર સાથે કરતાં નથી. જેવાં તેવા માણસનાં હાથમાં મને સોંપી દેશો એવો મને સતત ભય રહે છે. ધનની લાલચ તમને વિવેક કરવા દે એમ નથી. માટે મે પ્રધાનજીના પુત્ર સાથે ક્યાંક નાસી જવાનો વિચાર કર્યો હતો. અને હમણાં થોડાં વખત પહેલાં જ મને થયું કે હવે વિલંબ કરવો ઉચિત નથી. આવતી કાલે જ એ નિર્ણય અમલમાં મૂકી દેવો. ત્યાં તો મે એ દુહો સાંભળ્યો અને મારાં મન પર એનું બહું પરિણામ થયું. મને થયું પિતાજી હવે વૃધ્ધ થયાં છે. હવે વધુ કેટલું જીવશે ? પિતાશ્રી પછી ભાઈ ગાદીએ આવશે અને ભાઈ તો ઉદાર દિલનાં છે અને મારાં પર હેત રાખે છે. તો પછી થોડાં વખત માટે થોભી જાઉં તો કશું બગડવાનું નથી. પ્રધાનજીના પુત્ર સાથે નાસી જાઉં તો આપણા કુળને પણ લોકો વગોવે. એનાં કરતાં એવું ન કરવું એ જ યોગ્ય છે. ગાયકના એ દુહાએ મને સાનમાં આણી, માટે મેં ખુશ થઈને મારો કીંમતી હાર તેને ભેટમાં આપી દીધો". રાજાજી આ બધું સાંભળીને વિચારમાં પડી ગયાં. તેને પોતાની ભૂલ સમજાઈ. પછી તેણે ગાયક અને તેની પત્નીને ખૂબ ધન આપીને માનભેર વિદાય કર્યા. આ નાનકડી વાર્તા વાંચનાર પણ વિચારજો કે બહોત ગઈ અને થોડી રહી. શાના માટે અને કોના માટે મારે વેર બાંધવાં, અબોલા લેવા, કોઈને ન ગમે તેવું વર્તન જાણી જોઈને કરવું, બહારના કદી મારા થવાના નથી તો શા માટે મારી ઘરની જ વ્યક્તિઓને હું અનહદ પ્રેમ ન આપી શકું કારણ એ તો સદાય મારી સાથે જ રહેવાના છે. ગાયકનો નાનકડો દુહો ઘણા બધા લોકોના જીવનમાં પરિવર્તન લાવી શકે તેમ છે જો તેને ધ્યાનથી વાંચીએ અને સાંભળીએ તો..


મહેનત શરીરને બળવાન બનાવે છે,
મુશ્કેલીઓ મનને મક્કમ બનાવે છે.


અમે સ્ટાર નથી બનાવતા..
કલાકાર બનાવીએ છીએ !
PARISHA
ACTING STUDIO
શું તમે સારા કલાકાર બનવા માંગો છો !
શું તમે ટી. વી. માં આવવા માંગો છો !
શું તમે દર્શકોના હ્રદયમાં વસવા માંગો છો !
સમાજના સભ્યો માટે સ્પેશિયલ ડીસ્કાઉન્ટ
C. G. Road, Ahmedabad. Call : 9898544798 • Email : parishaactingstudio@gmail.com • wwwparishaactingstudio.in


A Complete Security & IT Solution Provider
Infrasoul Techserve Pvt. Ltd.
Ph : 079 65 45 09 09 | www.infrasoul.com | info@infrasoul.com
HO : 805, Shapath 1, Opp. Rajpath Club, S.G.Highway, Ahmedabad. Branch : Baroda | Surat
Biometric Solutions
Intrusion Alarm System
Public Addressing
Fire Alarm System
Automation
Video Surveillance
Infrasoul
Video Door Phone
Complete Network Solutions
EPABX
FTTH
Video Conferencing
Gates & Parking Automation
Solar Based Solutions
GPS Tracking
Associate Companies
Sanghvi Consultancy | Providing all Types of Insurance Solutions
Sanghvi Infotech Pvt Ltd. | A Complete IT and Networking company

# D. D. ENTERPRISE

Cellar 1/2/3, Devashray App., Opp. Kothawala Flat,
Pritamnagar Road, Ellisbridge, Ahmedabad - 380 006

**Ph.:- 079 - 2658 5072 , 2658 5092**

E-mail :- ddenterprise2007@rediffmail.com

**-: DISTRIBUTOR :-**
Garment, Hosiery & Loungewear

| | |
|---|---|
| Jockey | Paras Hankies |
| Barry & Clark | Duke |
| Lyra Leggings | Stori |
| Sweet Dreams | Be Positive |
| Sherry | Dare |
| Cool Babes | Curve T-shirts |
| One 8 Socks | Grey Leaf |
| Arvind | Killer |

**Milan Shah** (Managing Director)
Cell: +91 92272 58500

AN ISO 9001:2015 CERTIFIED COMPANY

# Webplus INFOTECH

- Website Design & Development
- Search Engine Optimization (SEO)
- Android, iOS Mobile App Development
- Corporate Identity
- Domain & Website Hosting
- Software Development

CIN: U72200GJ2014PTC079036

android Magento php MySQL WordPress HTML CSS iOS Joomla! Drupal Microsoft .NET Java

**WEBPLUS INFOTECH PVT. LTD.**
H-310, Titanium City Center, Next to Sachin Tower, 100 Feet Anand Nagar Rd, Jodhpur Village, Ahmedabad, Gujarat 380015
Phone: Tel : +91 79 40091079, 40081079 Email ID: info@webplusinfotech.net Website: www.webplusinfotech.net

DHOLAKIA STUDIO

# DHOLAKIA STUDIO

B-1, Shivalik Business Center, B/h. Rajpath Club, Opp. Kensville golf academy,
S.G. Road, Ahmedabad-380054 • Ph. +91 79 29091133 / 92274 96961-2-3
Website: www.dholakiastudio.com • contact@dholakiastudio.com

**New Attractions**
- pre wedding shooting & Photography - indoor & out door
- DSLR video filming - short & long version
- best packages on studio photography - matrimonial - kids & family
- personalized gift items with photos - mug - t shirts - collages - gift cards etc.
- attractive photo frames

- video filming with HD cameras
- digital photography
- live telecast through internet
- documentary film
- commercial video - photography
- photo lamination - framing

- designer album
- old album to new album
- portraits - portfolio
- vhs / min dv / hdv to cd - dvd - blueray

## EVERYTHING IN VIDEO & PHOTOGRAPHY

**Dr. Bhavesh Vasani**
MD., RDMS ECFMG (USA)

SAKAR સાકાર Diagnostics
32 SLICE MD CT SCAN | DIGITAL X RAY | SONOGRAPHY

**For Appointment**
**(M) 81411 20200**

Our Services
- Digital X-Ray ♦ Sonography
- CT Scan ♦ 2D Echo ♦ Color Doppler
- Digital OPG Dental X-Ray
- Dental CBCT CT Scan
- X-Ray Service @ Home

LOCATION

**20% Discount for Samaj Members**

Groung Floor, A-11-12, Amrapali Shopping Mall,
Nr. Hocco Restaurant, Nr. Vakil Bridge, Bopal, Ahmedabad.

# ભૂલકાં ચિલ્ડ્રન હોસ્પિટલ



- બાળરોગ અને નવજાત શિશુના નિષ્ણાંત
- રસીકરણ કેન્દ્ર
- જન્મથી ૧૮ વર્ષ સુધીના બાળકોની સારવાર

**ડો. અપૂર્વ એન. સંઘવી**
એમ.ડી.ડી.પેડ.

TIME: 10:00 AM to 11:00 AM
5:30 PM to 8:30 PM

602, JP 12th બિઝનેસ હબ, રાજ સ્ટેશનર્સની સામે, કોટક બેન્કની ઉપર,
નહેરુનગર, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫ Contact No. 98250 96984, 82000 42397

CA Yesha Doshi


**Deals in : Home Loan, Car Loan, Mortgage Loan, Construction Loan, Loan Against Property, Business Loan**

**Yesha Doshi**
**& Associates**

**Also Deals in Book Keeping, GST, TDS Return & Income Tax Return**

G-1, Ashwamegh Avenue, Nr. Mithakhali Under Bridge,
Mithakhali Six Cross Road, Navrangpura, Ahmedabad-380009

9429620317 doshi.financeassociates@gmail.com



Registered under Postal Registration No. GUJ-314/2020-2023 Valid up to 31st December 2023 issued by SSPO's Ahmedabad City Division, Permitted to Post at Ahmedabad PSO on 18th of Every Month

 R.N.I. No. GUJGUJ/2004/14264 Reg. No. GUJ-314/2021-2023


વિશ્વની નંબર ૧ રોબોટિક જોઈન્ટ રિપ્લેસમેન્ટ ટેકનોલોજી હવે કે. ડી. હોસ્પિટલ માં

કુશળ હાથો દ્વારા રોબોટિક્સ
ટેકનોલોજીનો અનુભવ કરો



**ડૉ. અમીર સંઘવી**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ એન્ડ માઈક્રોપ્લાસ્ટી સર્જન
જોઈન્ટ રીપ્લેસમેન્ટમાં ફેલોશીપસ : ઓસ્ટ્રેલિયા, યુ.કે., ઈટલી અને યુ.એસ.એ.
+91 98250 66013

**ડૉ. અતીત શર્મા**
ની હિપ એન્ડ શોલ્ડર રિપ્લેસમેન્ટ સર્જન
+91 98240 61766

**ડૉ. ચિરાગ પટેલ**
ની એન્ડ હિપ રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 24473

**ડૉ. હેમાંગ અંબાની**
ની રિપ્લેસમેન્ટ સર્જન
+91 98250 20120




**અપોઈન્ટમેન્ટ માટે સંપર્ક કરો : +91 95744 45559**

KD Hospital™
કુસુમ ધીરજલાલ હોસ્પિટલ

Shree Orthocare
Strength in Togetherness

www.kdhospital.co.in KDHospitalOfficial KD Hospital kdhospitalofficial

Vaishnodevi Circle, SG Road, Ahmedabad - 382421, Call : +91 98240 33360


પ્રેષક : If undelivered to return to Reg. No. GUJ-314/2021-2023 Valid up to 31-12-2023

**શ્રી ઝાલાવાડ વીશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન સમાજ**
"શાન્તમ્", પાંચમો માળ, હેવમોર
રેસ્ટોરન્ટની ગલીમાં, નવરંગપુરા,
અમદાવાદ - ૯. ફોન : ૨૬૪૨૫૬૭૦

પ્રતિ શ્રી,

Printed and Published AJAY NAGINDAS DOSHI on behalf of SHRI ZALAWAD VISHA SHRIMALI STHANAKWASI JAIN SAMAJ and Printed Jay Offset (Gujarat) Private Limited, 15, Panchratna Industrial Estate, Sarkhej Bavla Highway, Changodar, Ahmedabad - 382 213 and Published from "SHANTAM", 5'th Floor, Near Havmore Restaurant, Navrangpura, Ahmedabad - 380 009. Editor - PRITIBEN NARENDRABHAI SHAH